અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

જાહેરાત ક્રમાંક: ૧૪૫/૨૦૧૭-૧૮

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર **નશાબંધી અને આબકારી ખાતાના "નિરીક્ષક" વર્ગ-૩ સંવર્ગ** ની પરીક્ષા માટે, ઉમેદવારોએ, પોતાનો ઓનલાઇન પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર તથા ઉમેદવારો માટેની સુચનાઓ) https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવાના રહેશે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | પરીક્ષાનું નામ / સંવર્ગ | પરીક્ષાની તારીખ / વાર/ સમય. | કોલ લેટર ડાઉનલોડ કરવાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧. | 145/2017-18 | **નશાબંધી અને આબકારી ખાતાના "નિરીક્ષક" વર્ગ-૩** Main Exam (Objective Type / Written Examination) | 06/01/2020, સોમવાર બપોરે 12:00 થી 13:00 કલાક | તા.26/12/2019ના રોજ 14:00 કલાક થી તા.06/01/2020 બપોરના 12:00 કલાક સુધી |

ઉમેદવારો માટેની સૂચનાઓ માટે અહીં ક્લીક કરો.

પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર) "On Line" મેળવવા માટે (ડાઉનલોડ કરવા માટે) ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં,સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જવું.

હવે "Call Letter" પર Click કરવું. ત્યારબાદ Select job પર Click કરી જાહેરાત નંબર: ૧૪૫/૨૦૧૭-૧૮ Select કરીને "Confirmation Number" તથા "Birth date" ટાઇપ કરીને ok પર click કરવાથી અલગ Window માં આપના Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. જયારે ઉમેદવારો માટેની સૂચનાઓની પ્રીન્ટ ડાઉનલોડ કરવી ફરજીયાત છે.

નોંધ : (૧) Ojas વેબસાઇટ પરથી Call Letter (પ્રવેશપત્ર - હાજરીપત્રક)ની પ્રિન્ટ કરતાં પહેલાં કોમ્પ્યુટર સાથે જોડેલ પ્રિન્ટરમાં A4 સાઇઝનું setup ગોઠવવું જરૂરી છે.

(૨) ઉમેદવારે જે તે સમયે ઓન લાઇન અરજી Confirm કર્યા બાદ મળેલ Confirmation Number અને અરજીમાં દર્શાવેલ Birth Date જ પ્રવેશપત્ર મેળવવા માટે વેબસાઇટમાં ટાઇપ કરવાની રહેશે. તો જ પ્રવેશપત્ર-હાજરીપત્રક ડાઉનલોડ થશે. જેની જવાબદારી ઉમેદવારની છે.

(૩) જા.ક્ર: ૧૪૫/૨૦૧૭-૧૮ "નિરીક્ષક" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે ઓન-લાઇન જાહેરાત અન્વયે કોલ લેટર ડાઉનલોડ સબંધી પૂછપરછ અંગે મંડળના કંટ્રોલ રૂમના ફોન નંબર: ૦૭૯ ૨૩૨ ૫૭૩૦૪ / ૫૩૬૨૭ ઉપર કચેરી સમય (૧૦-૩૦ થી ૬-૧૦ સુધી) દરમ્યાન (જાહેર રજા સિવાય) સંપર્ક સાધવા ઉમેદવારોએ નોંધ લેવી. લેખિત પરીક્ષા સમયે, કોલ લેટર- હાજરીપત્રકની પ્રિન્ટ રજૂ કરવી ફરજીયાત છે.

(૪) ઉમેદવારોએ અરજી કન્ફર્મ કરી હોય અને ફી ભરપાઇ કરેલ હોય પંરતુ કોલ-લેટર ડાઉનલોડ ન થતો હોય તેવા ઉમેદવારોએ મંડળની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) ૧૦:૩૦ થી ૬:૧૦ સુધી રૂબરૂ સંપર્ક કરવો.

(૫) પ્રવેશપત્ર- હાજરીપત્રક (કોલ લેટર) ગુજરાતી ભાષામાં જ હશે અન્ય કોઇ ભાષામાં ટ્રાન્સલેટ કરાવેલ હશે તો માન્ય રાખવામાં આવશે નહિ.

મંડળની તા.૧૭/૧૦/૨૦૧૭ની ઉક્ત જાહેરાતોમાં દર્શાવેલ અન્ય તમામ બાબતો યથાવત રહે છે.

તા.૨૪/૧૨/૨૦૧૯ સચિવ

સ્થળ : ગાંધીનગર

## વેબ સાઇટ ઉપર મુકવાની જાહેરાત

**:: ઉમેદવાર માટેની સૂચનાઓ ::**

( આ તમામ સૂચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.)

(૧) આ પરીક્ષામાં આપનો પ્રવેશ મંડળની જાહેર ખબર અને તેને સંબધીત સૂચનાઓને આધારે આપે ઓન-લાઈન ભરેલી અરજીપત્રકમાંની વિગતો અને તે હેઠળના સોંગદનામાના ખરાપણાને આધિન રહીને આપવામાં આવે છે. જો આપે અરજીપત્રકમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, જેન્ડર, કે અન્ય કોઇપણ માહિતી ભવિષ્યમાં કોઇપણ તબક્કે ખોટી/ ક્ષતિયુકત હોવાનું મંડળને જણાશે તો આપની ઉમેદવારી /પસંદગી /નિમણૂક, મંડળ દ્વારા નિયમોનુસાર "રીજનરેટ" / "રદ" થવા પાત્ર ઠરશે.

(૨)પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપે ડાઉનલોડ કરેલ કોલલેટર-કમ-હાજરીપત્રક ઉપર પોતાનો ફોટો ચોંટાડી પરીક્ષાખંડમાં અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા, આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહી. ઓનલાઇન અરજીમાં જેવો ફોટો અપલોડ કરેલો હોય તદ્દન તેવો જ ફોટો હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે.

(3) પરીક્ષાખંડમાં આપે આપની ઓળખ માટે- ઇલેક્શન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, કે સ્કૂલ/કોલેજનું ફોટાવાળુ કોઈપણ એક ઓરીજીનલ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. જે નિરીક્ષક માંગે ત્યારે બતાવવાનું રહેશે

(૪)આ પરીક્ષા MCQ - OMR (મલ્ટીપલ ચોઇસ ક્વેશ્ચન-ઓપ્ટીકલ માર્ક રીડર) પધ્ધતિની રહેશે. ઉમેદવારોએ તેમાં બેઠક ક્રમાંક તથા પ્રશ્નના જવાબ સામે ○ માં બ્લૂ/ બ્લેક બોલપોઇન્ટ પેનથી ● સંપૂર્ણ ઘૂંટીને દર્શાવવાનો રહેશે. જવાબ સામેના આપેલ વર્તુળ જો અધૂરું ઘૂંટવામાં આવશે તો તે જવાબ માન્ય ગણવામાં આવશે નહીં.

(૫) OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની સૂચનાઓ અચૂકપણે વાંચવી, પછી જ જવાબો લખવા. OMR ઉત્તરપત્રમાં સ્વહસ્તે બેઠક ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા નંબર આંકડામાં તથા પ્રશ્નપુસ્તિકા કોડ અંગ્રેજી અક્ષરમાં અને OMR પધ્ધતિમાં સૂચવ્યા મુજબ અચૂક દર્શાવાનો રહેશે. આ સિવાય અન્ય કોઇ લખાણ કે ઓળખ ચિહ્ન કરવા નહિ. અન્યથા ક્ષતિયુક્ત OMR ઉત્તરપત્ર રદ ગણીને કોમ્પ્યુટર ચકાશશે નહી જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૬) નિર્ધારીત પરીક્ષા સમય કરતા 30 મીનીટ અગાઉ આપે આપની બેઠક પર અચૂક હાજર થવાનું રહેશે.

(૭) OMR પધ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, અધૂરું ઘૂંટેલ વર્તુળ, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન પ્રશ્નપુસ્તિકામાં આપવામાં આવેલ સૂચનાઓ મુજબ (માઇનસ પધ્ધતિથી) કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ, કે એક કરતાં વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબ દીઠ ૦.૨૫ માઇનસ ગુણ કાપવામાં આવશે.

(૮) પરીક્ષામાં મોબાઇલ સાથે લાવવા પર પ્રતિબંધ છે. તેમજ સાથે બિન-અધિકૃત પુસ્તકો કાગળો, સાહિત્ય તથા પેજર, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણુ સાધનો રાખવા પર પૂર્ણ પ્રતિબંધ છે. તેમ છતાં જો આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવશે તો આપ આપોઆપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે. આ સૂચનાનો ભંગ કરનાર ઉમેદવાર શિસ્તભંગના પગલાંને પાત્ર ઠરશે.

(૯) ઉમેદવારો પરીક્ષા શરૂ થયા પછી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકશે નહીં. કોઈ ખાસ સંજોગોમાં સ્થળ પર હાજર મંડળના પ્રતિનિધિની મંજુરી સિવાય આ ટુંકા સમયમાં ઉમેદવારને વર્ગખંડની બહાર જવા દેવામાં આવશે નહી.

(૧૦)OMR Sheet માં ઉમેદવારની સહી ફરજીયાત છે. ઉમેદવારે ઉત્તરપત્રમાં નિયત જગ્યાએ પોતાની સહી તેમજ ખંડ નિરીક્ષકની સહી કરેલ/કરાવેલ નહીં હોય તો તેવા ઉમેદવારનું ઉત્તરપત્ર (OMR Sheet) મંડળ દ્વારા રદ કરવામાં આવશે. તેથી OMR Sheet ખંડ નિરીક્ષકને સુપ્રત કરતાં પહેલાં ઉકત વિગતો અવશ્ય ચકાસી લેવી.

(૧૧) ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકનું અડધિયુ તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (OMR Sheet), પરીક્ષા ખંડના નિરીક્ષકશ્રીને પરત સોપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને તેવા ઉમેદવાર સામે કાયદેસરની કાર્યવાહી મંડળ ધ્વારા કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ તેમજ પશ્નપત્ર પોતાની પાસે રાખી શકશે.

(૧૨) પ્રશ્નપત્રમાં કુલ-૧૦૦ પ્રશ્નો રહેશે. અને સમય ૧:૦૦ કલાકનો રહેશે. દરેક પ્રશ્ન-૧ ગુણનો રહેશે. દરેક પ્રશ્નના જવાબના આપવામાં આવેલ કુલ-૪ વિકલ્પો પૈકી આપે સાચો વિકલ્પ પસંદ કરીને તેના પર ઉપર વર્ણવ્યા મુજબ ઘૂંટીને દર્શાવવાનો રહેશે. જો આપ કોઇ પ્રશ્ન ના સાચા જવાબનો વિકલ્પ પસંદ કરી ન શકવાના કારણે તે પ્રશ્નનો જવાબ આપવા માંગતા ન હોય તો આપે પાંચમા વિકલ્પ (E) પર ઘૂંટીને દર્શાવવાનો રહેશે. ઉમેદવારે(E) વિકલ્પ દર્શાવેલ હશે તો માઇનસ ગુણ કપાશે નહિં અન્યથા આવા પ્રશ્નના ખાલી છોડેલ પશ્ન તરીકે ૦.૨૫ માઇનસ ગુણ કપાશે. આ કસોટીમાં જાહેરાતમાં જણાવેલ અભ્યાસ ક્રમ મુજબના પ્રશ્નો પૂછવામાં આવશે.

(૧૩) આ પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર-કી પરીક્ષાની તારીખ બાદ મંડળની વેબ સાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. જે આપે જોઇ લેવાની રહેશે.

(૧૪) આ પરીક્ષામાં મંડળ દ્વારા ઠરાવાયેલ લઘુત્તમ લાયકી ગુણ ૪૦ ટકા પ્રમાણે તમામ કેટેગરીના ઉમેદવારો માટે રહેશે.

(૧૫) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબકકે ગુણ, પરિણામ કે રીચેકીંગની અરજી કે લેખિત પરીક્ષા સંબંધિત અન્ય કોઇપણ બાબતને ખાનગી પ્રકારની ગણવાની હોવાથી તેવી માહિતી મેળવવા માટેની કોઇ પણ અરજી/રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૧૬) કોલ લેટરમાંની આ સૂચનાઓ ઉપરાંત મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પરની વખતો વખતની સૂચનાઓ પણ અચૂકપણે વાંચવી.

(૧૭) ઉમેદવારે રફકામ પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમ જ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

(૧૮) ઉમેદવાર નકલ કરતા ગેરરીતી / ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલાં સહીતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

(૧૯) ઉમેદવારે પરીક્ષા ખંડમાં તેમને આપવામાં આવતી સુચનાઓનો અચૂકપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત પરીપૂર્ણ કરતા ન હો તો આ સૂચના અન્વયે આપને પરીક્ષામાં નહી બેસવા માટે સલાહ આપવામાં આવે છે.

તારીખ :૨૪/૧૨/૨૦૧૯ સચિવ

સ્થળ : ગાંધીનગર